અનુસંધાન ... પાના છેલ્લાનું

અમદાવાદના બિલ્ડર...

કરતાં વધુ આયકર અધિકારીઓ આ દરોડાની કાર્યવાહીમાં જોડાયા છે. જેમાં સુરતથી પણ આયકર અધિકારીઓ આ દરોડાની કાર્યવાહીમાં જોડાયા હોવાનું જાણવા મળ્યુ છે.

કામેશ્વર ગ્રુપના દીપેન પટેલ અને નિકુંજ પટેલ તથા દીપ ગ્રુપના દિનેશ પટેલની ઓફિસ તથા નિવાસસ્થાનો સહિતના ઠેકાણાઓ પર દરોડા છે. કામેશ્વર ગ્રુપના દીપેન પટેલ અને નિકુંજ પટેલની ઓફિસ તથા નિવાસસ્થાનો સહિત, દીપ ગ્રુપના દિનેશ પટેલ અને અન્ય ભાગીદારોના સ્થળોએ પણ દરોડા કરવામાં આવ્યા છે.અલગ-અલગ 30થી વધુ જગ્યાઓ પર ઇન્કમટેક્સ અધિકારીઓની તપાસ ચાલુ છે. આ ઓપરેશન શહેરના અલગ-અલગ 30થી વધુ જગ્યાઓ પર ઇન્કમટેક્સ અધિકારીઓ દ્વારા હાથ ધરવામાં આવ્યું છે. આ દરોડામાં મોટા પાયે ટેક્સ ચોરી અને જમીનના સોદામાં રોકડ વ્યવહારોની વિગતો બહાર આવવાની પૂરેપૂરી શક્યતા છે.આયકર અધિકારીઓએ દરોડાની કાર્યવાહી દરમ્યાન મોબાઈલ ફોન તથા લેપટોપ પણ જપ્ત કરી લીધા છે. સીજી રોડ , એસજી હાઈવે તથા બોડકદેવ ખાતે પણ દરોડાની કાર્યવાહી હાથ ધરાઈ છે. આયકર અધિકારીઓને કેટલીક વાંધાજનક કાચી ચીઠ્ઠીઓ તથા જમીનની ખરીદ- વેચાણના દસ્તાવેજો , નાણાંકિય ઓન મનીના નામે લેવાયેલી ોકડની એન્ટ્રીઓ પણ ચકાસવામાં આવી રહી છે.

અમદાવાદ દરોડામાં...

મેસેજ મળતાં સુરત આવકવેરા વિભાગના અધિકારી-કર્મચારીઓ અમદાવાદના દરોડામાં જોડાયા હતા. આ જ રીતે વાપી આવકવેરા વિભાગમાંથી આઠ ગાડી અમદાવાદના દરોડામાં પહોંચી હતી. તમામને દરોડામાં જોતરવામાં આવ્યા હતા.

સુરત એરપોર્ટ...

હયાત ILS 22 યોગ્ય રીતે કામ કરી રહ્યું છે, જોકે આ સિસ્ટમ 15 વર્ષ જૂની થઈ ગઈ હોવા છતાં વધુ અસરકારક નવી ટેકનોલોજી વાળી ILS સિસ્ટમ ઈન્સ્ટોલ કરવામાં આવી રહી છે. નવું ILS ઈન્સ્ટોલ કરવામાં 3-4 મહિના લાગે છે.

જો આ કામ હમણાં શરૂ નહીં થાય, તો વરસાદ આવે ત્યાં સુધીમાં પૂર્ણ નહીં થાય તો ફરીથી સમસ્યા ઊભી થાય એને લીધે ચોમાસા પહેલાં આ સિસ્ટમ કાર્યરત કરવાનું આયોજન છે. સુરતમાં 20 જાન્યુઆરી પછી ફોગની સ્થિતિ ઘટતી હોય છે અને 10 જૂન વરસાદમાં ફરી ધુમ્મસની સ્થિતિ વધતી હોય છે.

AAI ના સૂત્રોના જણાવ્યા મુજબ 22 જાન્યુઆરી 2026થી 21 એપ્રિલ 2026 સુધી સુરત એરપોર્ટ પર આ આધુનિક નેવિગેશન સિસ્ટમ ઈન્સ્ટોલ થશે. ગ્લાઈડ પાથ અને લોકલાઈઝર અપગ્રેડ થશે. ILS- DME પણ બદલાશે. સુરત એરપોર્ટ પર રનવે 22 (કેટેગરીઝ A, B અને C) માટે ILS / LOC અભિગમ અસ્થાયી રૂપે પાછો ખેંચી લેવામાં આવ્યો છે.

આનો અર્થ એ છે કે, આ સમયગાળા દરમિયાન વિમાન રનવે 22 પર ILS અથવા લોકલાઈઝર અભિગમનો ઉપયોગ કરી શકશે નહીં. અન્ય અભિગમો (જેમ કે દ્રશ્ય અથવા બિન-ચોકસાઈ, જો ઉપલબ્ધ હોય તો) હજુ પણ પ્રકાશિત મુજબ ઉપયોગ કરી શકાય છે.

કયા કયા...

ની આસપાસના વિસ્તારો, શાશ્વત કોમ્પ્લેક્ષથી ગ્રીન પ્લાઝા, માધવ પાર્ક રો હાઉસથી સનાઇ રેસીડેન્સી, પરશુરામ ગાર્ડનની આસપાસની સોસાયટીઓ, સુયોદય કોમ્પ્લેક્ષથી આત્મન પાર્ક, ટી.જી.બી. રેસ્ટોરન્ટથી ગુરુકૃપા સોસાયટી, શ્રીનાથ સોસાયટી, રેવાનગર સોસયટી, નવરંગ સોસાયટી અને કંકુનગર જેવા તમામ સંલગ્ન વિસ્તારોમાં પાણી પુરવઠો સંપૂર્ણપણે બંધ રહેશે.

કર્ણાવતી એક્સપ્રેસ...

આવી રહ્યા હતા. રેલવે તંત્રએ આ મુશ્કેલીઓ નિવારવા માટે કર્ણાવતી એક્સપ્રેસને હંગામી ધોરણે બાંદ્રા ટર્મિનસ ખસેડવાનો નિર્ણય લીધો છે.

તડકેશ્વરમાં ટાંકી...

જ, જે કોઈ એજન્સી આ કામ માટે જવાબદાર હશે તેને બ્લેકલિસ્ટ કરવામાં આવશે તેમ પણ તેમણે જણાવ્યું હતું. ધારાસભ્યએ વધુમાં જણાવ્યું કે, ભાજપની સરકાર ભ્રષ્ટ અધિકારીઓ અને કર્મચારીઓ સામે કડક કાર્યવાહી કરે છે અને તેમને ઘરે બેસાડવાનું કામ કરે છે.

રાજ્યની તમામ...

સરકારી યોજનાઓ પ્રત્યેનો વિશ્વાસ પણ ખંડિત થયો છે. આ સમગ્ર ઘટનાને લઈને ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના મહામંત્રી દર્શન નાયક દ્વારા મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલને લેખિત રજૂઆત કરવામાં આવી છે. રજૂઆતમાં અકસ્માતની સ્વતંત્ર અને વ્યાપક તપાસ કરીને જવાબદાર અધિકારીઓ અને કોન્ટ્રાક્ટર સામે કડક કાર્યવાહી કરવાની માગ કરવામાં આવી છે.

વિદ્યાર્થીઓએ ઘરેથી...

CS પ્રોફેસનલ (અંતિમ સ્તર). વિદ્યાર્થી 12 મા ધોરણ પછી અંદાજે 2.5 વર્ષમાં અને સ્નાતક થયા પછી બે વર્ષમાં આ ત્રણેય સ્તર પૂર્ણ કરી શકે છે. વધતી જતી કોર્પોરેટ સંસ્કૃતિ અને કારકિર્દીની ઉજ્જવળ તકોને કારણે કંપની સેક્રેટરી કોર્સ પ્રત્યે વિદ્યાર્થીઓનો રસ સતત વધતો જઈ રહ્યો છે. આગામી સીએસઈઈટી પ્રયાસ જૂન ૨૦૨૬માં યોજાવાનો છે, જેના માટે નોંધણી પ્રક્રિયા શરૂ થઈ ગઈ છે. નોંધણી કરવાની અંતિમ તારીખ ૧૫ ફેબ્રુઆરી, ૨૦૨૬ છે. સીએસઈઈટી પરીક્ષા ઓનલાઈન MCQ પદ્ધતિથી લેવામાં આવી હતી, જેમાં વિદ્યાર્થીઓએ પોતાના ઘરેથી જ પરીક્ષા આપી હતી. CA CS સ્નેહ ભાટિયાના માર્ગદર્શન હેઠળ ઇગ્નાઇટ એકેડેમીના ત્રણ વિદ્યાર્થીઓએ સફળતા મેળવી છે. તેમાં ભાવેશ પાટિલે 200 માંથી 177 અંક મેળવી ઉત્તમ પ્રદર્શન કર્યું હતું, જ્યારે રાનુ ડાગાએ 146 અને કિરણ લધાએ 117 અંક સાથે પરીક્ષા પાસ કરી હતી.

દમણમાં 12...

કલાક જેટલો સમય વીતી ગયા બાદ પણ દીપડાનું રેસ્ક્યુ થયું ન હતું. દરમિયાન દહાણું વાઈલ્ડ લાઈફ રેસ્ક્યૂની ટીમે ભારે જહેમત બાદ રાત્રે 11 વાગ્યા બાદ વલસાડ વન વિભાગની ટીમની મદદ વડે દીપડાનું રેસ્ક્યુ કર્યું હતું. દીપડાને પાંજરામાં બેભાન અવસ્થામાં પૂરી તેને જંગલમાં છોડવાની કામગીરી કરવામાં આવી હતી. સમગ્ર દિવસ દરમ્યાન હાઈ વોલ્ટેજના ડ્રામા બાદ દીપડો પકડતા વન વિભાગ પ્રશાસનિક ટીમની સાથે 12 કલાકથી બાનમાં રહેલા માર્કેટ વિસ્તારના લોકોએ રાહતનો શ્વાસ લીધો હતો.

સીમાડા-સરથાણા ઓવરબ્રિજ પર ચડવા-ઊતરવા માટે રેમ્પ બનશે

સુરતઃ સીમાડા-સરથાણા જંકશન પર ફ્લાય ઓવરબ્રિજ બનાવવામાં આવ્યો છે. આ બ્રિજને જોડતા સરથાણા જંક્શન પર ઉતરતા અને ચઢતા રેમ્પ બનાવવાનો નિર્ણય મનપા દ્વારા કરવામાં આવ્યો છે. ૧૮.૮૨ કરોડના ખર્ચે રેમ્પ બનાવવાનું કામ રચના કન્ટ્રક્શનને સોંપવાની મંજૂરી શાસકો પાસે માંગવામાં આવી છે.

વરાછાના સીમાડા સરથાણા જંક્શન પાસે થતાં ટ્રાફિકનું ભારણ હળવું કરવા માટે મનપા દ્વારા ફ્લાય ઓવરબ્રિજ બનાવવામાં આવ્યો છે. વરાછા ફ્લાય ઓવર પરથી આવતો ટ્રાફિક સરથાણા જંક્શન પાસે ઉતરી તેમજ બ્રિજ પર ચઢી શકે તે માટે સુરત મનપા દ્વારા ફ્લાય ઓવરબ્રિજને જોડતા સરથાણા જંક્શન પાસે ઉતરતા અને ચઢતો રેમ્પ બનાવાનો નિર્ણય કર્યો હતો. સુરત મનપાએ ટેન્ડર ઈસ્યુ કરી વિવિધ એજન્સી પાસે ઓફર મંગાવી હતી. મનપાની અંદાજિત ૧૭.૨૭ કરોડથી ૮ ટકા ઊંચી એટલે કે રચના કન્ટ્રક્શનની ૧૮.૭૩ કરોડની ઓફર વ્યાજબી જણાઈ આવતા એજન્સીને કામ સોપવાની ભલામણ કરતી દરખાસ્ત સ્થાયી સમિતિ સમક્ષ રજૂ કરવામાં આવી છે. EPC મોડલ (Design, Engineering, Procurement and Construction) થી રેમ્પ બનાવવાની કામગીરી કરવામાં આવશે.

પાલઘરના દરિયામાં 'મિથેન ગળતર'ની આશંકા, તંત્રની તપાસ

પાણી ઉકળવાની રહસ્યમય ઘટનાથી ઓશનગ્રાફીની ટીમો દોડતી થઈ

નવી દિલ્હી, તા. 20: ગુજરાતના દરિયાકાંઠે સમુદ્રનું પાણી ઉકળતું હોય તેમ વિશાળ વિસ્તારોમાં હલચલ અને પરપોટા થતા હોવાના અહેવાલો બાદ મહારાષ્ટ્રના પાલઘર જિલ્લાના સત્તાધીશો અને માછીમારો હાઈ એલર્ટ પર છે.

સ્થાનિક માછીમારો દ્વારા લેવામાં આવેલા વીડિયોમાં સમુદ્રના વિશાળ હિસ્સામાં ભારે ઊથલપાથલ જોવા મળી રહી છે, જેના કારણે ડિઝાસ્ટર મેનેજમેન્ટના અધિકારીઓ દ્વારા તાત્કાલિક તપાસની માંગ કરવામાં આવી છે.

આ ઘટનાને અત્યંત અસામાન્ય ગણાવવામાં આવી રહી છે, જેનાથી દરિયાના પેટાળમાં ગેસ ગળતર, પાણીની અંદર ભૌગોલિક ગતિવિધિ અથવા દરિયાની અંદરની પાઇપલાઇન ફાટી હોવાની ભીતિ સેવાઈ રહી છે.

દરિયાના પેટાળમાં રહેલા ટેક્ટોનિક્લી સક્રિય ઝોનમાંથી મિથેન ગેસનું કુદરતી ગળતર થવાની પ્રબળ શક્યતા છે. અરબી સમુદ્રનો આ વિસ્તાર ભૂસ્તરીય રીતે અસ્થિર માનવામાં આવે છે.

મુંબઈ હાઈ (Mumbai High) ઓઈલ ફિલ્ડ્સની નજીક આવેલી તેલ અને ગેસની પાઇપલાઇનમાં ભંગાણ પડવાને કારણે પણ આવો ઉકળાટ થઈ શકે છે.સરકારે આ મામલે તપાસ શરૂ કરી છે અને આ ઘટનાની તપાસ માટે ઇન્ડિયન નેશનલ સેન્ટર ફોર ઓશન ઇન્ફોર્મેશન સર્વિસિસ (આઈએનસીઓઆઈએસ)ની એક ટીમને તૈનાત કરવામાં આવી છે. પાલઘર જિલ્લા ડિઝાસ્ટર મેનેજમેન્ટ સેલના વડા વિવેકાનંદ કદમે આ અહેવાલોની પુષ્ટિ કરી છે અને તાત્કાલિક પગલાં લેવાની જરૂરિયાત પર ભાર મૂક્યો છે.

કદમે જણાવ્યું હતું કે, ''જોવા મળેલી આ હલચલ અત્યંત અસામાન્ય છે અને તેના પર વિશિષ્ટ દરિયાઈ અને ઔદ્યોગિક એજન્સીઓએ ધ્યાન આપવાની જરૂર છે.'' કદમે વધુમાં કહ્યું હતું કે, આ વિસ્તાર વ્યસ્ત દરિયાઈ પરિવહન માર્ગો અને માછીમારીના મુખ્ય વિસ્તારોની નજીક છે. ફૂટેજમાં દર્શાવવામાં આવેલા કોઓર્ડિનેટ્સ મહત્ત્વપૂર્ણ દરિયાઈ માર્ગોની નજીક હોવાથી નેવિગેશન સુરક્ષા અંગેની ચિંતાઓમાં વધારો થયો છે.

બૅંક ઑફ બડૌદા Bank of Baroda
સચીન શાખા : દુકાન નં.૬ અને ૭, સ્વસ્તીક પ્લાઝા, સુરત–નવસારી રોડ, તા.ચોર્યાસી, સચીન–૩૯૪૨૩૦ ફોન : ૦૨૬૨–૨૩૯૨૨૨૯
E-Mail Id : sachin@bankofbaroda.com

કબજા નોટીસ (સ્થાયી મિલકત માટે)
[સીકયુરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ ૨૦૦૨ ના રૂલ ૮(૧)હેઠળ]

નીચે સહી કરનાર **બૅંક ઓફ બરોડા**, ના અધિકૃત અધિકારીએ સિકયુરીટાઈઝેશન એન્ડ રિકન્સ્ટ્રકશન ઓફ ફાઈનાન્શિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિકયુરીટી ઈન્ટરેસ્ટ એકટ, ૨૦૦૨ (૨૦૦૨ ના ૫૪) અને તેમને મળેલ આ ધારાની કલમ ૧૩(૧૨) સિકયુરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ ૨૦૦૨ ના રૂલ ૩ સાથે વંચાણે લઈ **તા.૧૭.૧૨.૨૦૨૪** ના રોજ ડિમાન્ડ નોટીસ બજાવીને દેવાદાર/ગીરવેદાર **શ્રી કિરણ યુવરાજ પાટીલ (દેવાદાર), શ્રીમતી ઉષાબાઈ યુવરાજ પાટીલ (સહ–દેવાદાર)** ને નોટીસમાં દર્શાવેલ બાકી રકમ **રૂા.૭,૨૮,૩૦૨/– (રૂા. સાત લાખ અઠ્ઠાવીસ હજાર ત્રણસો બે પુરા) વત્તા વધારાનુ વ્યાજ અને અન્ય ચાર્જીસ** આ નોટીસ પ્રાપ્તીની તારીખ થી ૬૦ દિવસની અંદર પરત ચુકવી દેવાનું જણાવ્યું હતું.

દેવાદાર/ જામીનદાર આ રકમ ચુકવવામાં કસુરવાર ઠર્યા હોવાથી દેવાદાર અને સામાન્ય રીતે જાહેર જનતાને અહીં નોટીસ આપવામાં આવે છે કે, નીચે સહી કરનાર અધિકૃત અધિકારીએ આ ધારાની કલમ ૧૩ એકટની પેટા કલમ (૪) સિકયુરીટી ઈન્ટરેસ્ટ એન્ફોર્સમેન્ટ રૂલ્સ, ૨૦૦૨ ના રૂલ ૮ સાથે વંચાણે લઈ **તારીખ ૧૮મી જાન્યુઆરી ૨૦૨૬** ના રોજ આ સંપત્તિનો કબજો સંભાળી લીધેલ છે.

દેવાદારોનું ધ્યાન દોરવાનું કે તમને કલમ ૧૩ ની પેટા કલમ (૮) ની જોગવાઈ મુજબ સુરક્ષીત મિલકતો છોડાવવા માટે પુરતો સમય આપેલ છે.

ખાસ કરીને દેવાદાર અને સામાન્ય જાહેર જનતાને અહીં ચેતવણી આપીને આ સંપત્તિ સાથે કોઈ પણ પ્રકારનો વ્યવહાર કે સોદો ન કરવાનું જણાવવામાં આવે છે. આ સંપત્તિ સાથે કોઈપણ પ્રકારનો વ્યવહાર કરવામાં આવશે તો તે **બૅંક ઓફ બરોડા** ની રકમ **રૂા.૭,૨૮,૩૦૨/–** વત્તા વધારાનુ વ્યાજ અને અન્ય ચાર્જીસ ને આધિન રહેશે.

સ્થાવર મિલકતનું વર્ણન

ઈકવીટેબલ મોંગેજ કરેલ સ્થાયી મિલકત તમામ ભાગ અને હિસ્સો ધરાવતી "આરાધના લેક ટાઉન વિભાગ–૨" નો પ્લોટ નં. ૧૭૯ માપ ૪૬.૬૬ ચો. વાર (કેજેપી મુજબ પ્લોટ નં. ૩/૧૭૯ માપ એરીયા ૩૯.૦૧ ચો.મીટર) વણવહેચાયેલ મિલકત ના હિસ્સા સીઓપી અને રોડ માપ ૨૫.૬૮ ચો.મીટર જમીનનો નવો બ્લોક નં.૩ (બ્લોક નં. ૩, ૪, ૫, ૭, ૮, ૯, ૧૦, ૧૨, ૧૯, અને ૩૨) ગામ. જોલવા, તા. પલસાણા, જી.સુરત ખાતે આવેલ છે. જેની ચતુર્દિશા : **પૂર્વ તરફ** : પ્લોટ નં. ૨૦૦, **પશ્ચિમ તરફ** : આંતરીક સોસાયટી રોડ, **ઉત્તર તરફ** : પ્લોટ નં. ૧૮૦, **દક્ષિણ તરફ** : પ્લોટ નં. ૧૭૮ આવેલ છે.

તા.૧૮.૦૧.૨૦૨૬ । સ્થળ : સુરત અધિકૃત અધિકારી, બૅંક ઓફ બરોડા, સચીન શાખા, સુરત

બૅંક ઑફ બડૌદા Bank of Baroda
કરંજ શાખા : તા.ઓલપાડ,જીલ્લા સુરત.
E-mail : karsur@bankofbaroda.co.in

કબજા નોટીસ ધારા ૧૩(૪) સ્થાયી મિલકત માટે (જૂઓ રૂલ–૮(૧) હેઠળ સેકયુરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ ૨૦૦૨)

નીચે સહી કરનાર **બૅંક ઓફ બરોડા**, ના અધિકૃત અધિકારીએ સિકયુરીટાઈઝેશન એન્ડ રિકન્સ્ટ્રકશન ઓફ ફાઈનાન્શિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિકયુરીટી ઈન્ટરેસ્ટ એકટ, ૨૦૦૨ (૨૦૦૨ ના ૫૪) અને તેમને મળેલ આ ધારાની કલમ ૧૩(૧૨)ના સિકયુરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ ૨૦૦૨ ના (રૂલ ૩) સાથે વંચાણે લઈ તેમને મળેલ સત્તા હેઠળ **તા.૨૦.૦૪.૨૦૨૫** ના રોજ ડિમાન્ડ નોટીસ બજાવીને દેવાદાર / જામીનદાર **શ્રી બબલુ ગોકુલરામ જાંગીડ (દેવાદાર) અને શ્રીમતી પુજા બબલુ જાંગીડ (સહ–દેવાદાર)** ને નોટીસમાં દર્શાવેલ બાકી રકમ **રૂા.૮,૫૯,૬૬૮.૪૨/– (રૂા. આઠ લાખ ઓગણસાઠ્ઠ હજાર છસો ઓગણોસીતેર અને બેતાલીસ પૈસા પુરા)** વત્તા વધારાનુ વ્યાજ અને અન્ય ચાર્જીસ સાથે આ નોટીસ પ્રાપ્તીની તારીખ થી ૬૦ દિવસની અંદર પરત ચુકવી દેવાનું જણાવ્યું હતું.

દેવાદાર/ જામીનદાર આ રકમ ચુકવવામાં કસુરવાર ઠર્યા હોવાથી દેવાદાર અને સામાન્ય રીતે જાહેર જનતાને અહીં નોટીસ આપવામાં આવે છે કે, નીચે સહી કરનાર અધિકૃત અધિકારીએ આ ધારાની કલમ ૧૩ પેટા કલમ (૪) સિકયુરીટી ઈન્ટરેસ્ટ એન્ફોર્સમેન્ટ રૂલ્સ ૨૦૦૨ ના રૂલ ૮ સાથે વંચાણે લઈ તેમને આપવામાં આવેલ અધિકાર અનુસાર **તારીખ ૧૮ મી જાન્યુઆરી ૨૦૨૬** ના રોજ આ સંપત્તિનો કબજો સંભાળી લીધેલ છે.

દેવાદારનું ધ્યાન દોરવાનું કે તમને કલમ ૧૩ ની પેટા કલમ (૮) ની જોગવાઈ મુજબ સુરક્ષીત મિલકતો છોડાવવા માટે પુરતો સમય આપેલ છે.

ખાસ કરીને દેવાદારો અને સામાન્ય જાહેર જનતાને અહીં ચેતવણી આપીને આ સંપત્તિ સાથે કોઈ પણ પ્રકારનો વ્યવહાર કે સોદો ન કરવાનું જણાવવામાં આવે છે. આ સંપત્તિ સાથે કોઈપણ પ્રકારનો વ્યવહાર કરવામાં આવશે તો તે **બૅંક ઓફ બરોડા** ની રકમ **રૂા. ૨,૫૯,૬૬૮.૪૨/–** વત્તા વધારાનુ વ્યાજ અને અન્ય ચાર્જીસ ને આધિન રહેશે.

સ્થાવર મિલકતનું વર્ણન

ઈકવીટેબલ મોંગેજ કરેલ સ્થાયી મિલકત કે જે ગ્રુહમ એકઝોટીકા માં બાંધકામ સાથે નો પ્લોટ નં. ૩૪૪, (કેજેપી મુજબ બ્લોક નં. ૨૬૬/૩૪૪) માપ એરીયા ૪૪.૬૫ ચો.મીટર એટલે કે ૫૩.૪૦ ચો.વાર બરાબર (ફોર્મ ૭ અને ૧૨ ના રેવન્યુ રેકોર્ડ મુજબ માપ ૪૪.૬૫ ચો.મી) જેનો જમીન બ્લોક નં. ૨૬૬ મોજે ગામ કરમલા તા. ઓલપાડ જી. સુરત. ખાતે શ્રી બબલુ ગોકુલરામ જાંગીડ અને શ્રીમતી પુજા બબલુ જાંગીડ ના નામે આવેલ છે. **જેની ચતુર્દિશા પૂર્વ તરફ** : જોડેનો પ્લોટ નં.૩૪૩, **પશ્ચિમ તરફ** : જોડેનો પ્લોટ નં.૩૪૫,**ઉત્તર તરફ** : જોડેનો રોડ **દક્ષિણ તરફ** :જોડેનો પ્લોટ નં.૩૪૭ આવેલ છે.

તા.૧૮.૦૧.૨૦૨૬ । સ્થળ : સુરત અધિકૃત અધિકારી, બૅંક ઓફ બરોડા, કરંજ શાખા.

આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમિટેડ IDFC FIRST Bank
(અગાઉની કેપિટલ ફર્સ્ટ લિમિટેડ અને આઈડીએફસી બેન્ક લિમિટેડ સાથે ભેળવાયેલી) CIN : L65110TN2014PLC097792
રજિસ્ટર્ડ ઓફિસ: KRM ટાવર્સ, 8મો માળ, હેરિંગ્ટન રોડ, ચેટપેટ, ચેન્નાઈ-600031.
TEL: +91 44 4564 4000 ફેક્સ : +91 44 4564 4022.

પરિશિષ્ટ IV (નિયમ 8(1))
કબજાની નોટિસ (સ્થાવર મિલકત માટે)

નીચે હસ્તાક્ષરિત વ્યક્તિ આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમિટેડ (અગાઉની કેપિટલ ફર્સ્ટ લિમિટેડ અને આઈડીએફસી બેંક લિમિટેડ સાથે ભેળવાયેલ)ના અધિકૃત અધિકારી તરીકે નાણાકીય અસ્કયામતોના સિક્યોરિટાઇઝેશન એન્ડ રિકન્સ્ટ્રકશન એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યોરિટી ઇન્ટરેસ્ટ એક્ટ, 2002 હેઠળ અને કલમ 13(12) હેઠળ સિક્યોરિટી ઇન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) નિયમો, 2002ના (નિયમ 3) સાથે વાંચીને મળેલી સત્તાઓનો ઉપયોગ કરીને તારીખ ૨૯.૦૩.૨૦૨૫ના રોજ એક માંગણી નોટિસ જારી કરવામાં આવી હતી, જેમાં લેણદાર, સહ-લેણદારો અને જામીનદારો ૧. રામપ્રતાપ રાજભર, ૨. પ્રતિમા દેવી ને નોટિસમાં જણાવેલ રકમ એટલે કે રૂ. ૧૦,૮૪,૨૫૦.૨૯/- (રૂપિયા દસ લાખ ચોર્યાસી હજાર બસો પચાસ અને ઓગણત્રીસ પૈસા પૂરા), જે તારીખ ૨૮.૦૩.૨૦૨૫ સુધીની બાકી નીકળે છે, તે સદર માંગણી નોટિસ મળ્યાની તારીખથી ૬૦ દિવસની અંદર ચૂકવી દેવા માટે જણાવવામાં આવ્યું હતું.

ઋણ લેનારઓ રકમ ચૂકવવામાં નિષ્ફળ ગયા છે, આથી ઋણ લેનાર અને સામાન્ય જનતાને નોટિસ આપવામાં આવે છે કે નીચે સહી કરનારે સુરક્ષા હિત (એન્ફોર્સમેન્ટ) નિયમો, 2002ના નિયમ 8 સાથે વાંચવામાં આવેલ અધિનિયમની કલમ 13ની પેટા-કલમ (4) હેઠળ તેમને આપવામાં આવેલી સત્તાનો ઉપયોગ કરીને અહીં નીચે વર્ણવેલ મિલકતનો ભૌતિક કબજો આજે તા. 18 જાન્યુઆરી, 2026ના રોજ મેળવ્યો છે.

આથી ખાસ કરીને ઋણ લેનારાઓને અને સામાન્ય રીતે લોકોને મિલકત સાથે વ્યવહાર ન કરવા માટે સાવધાન કરવામાં આવે છે અને મિલકત સાથેનો કોઈપણ વ્યવહાર આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમિટેડ (અગાઉની કેપિટલ ફર્સ્ટ લિમિટેડ અને આઈડીએફસી બેંક લિમિટેડ સાથે ભેળવવામાં આવેલી)ના રૂ. ૧૦,૮૪,૨૫૦.૨૯/- (રૂપિયા દસ લાખ ચોર્યાસી હજાર બસો પચાસ અને ઓગણત્રીસ પૈસા પૂરા) રકમ અને તેના પર વ્યાજ ચાર્જને આધીન રહેશે.

ઋણ લેનારનું ધ્યાન સુરક્ષિત અસ્કયામતો રિડીમ કરવા માટે ઉપલબ્ધ સમયના સંદર્ભમાં કાયદાની કલમ 13ની પેટા-કલમ (8)ની જોગવાઈઓ તરફ દોરવામાં આવે છે.

સ્થાવર મિલકતોનું વર્ણન

સ્થાવર મિલકતનો તમામ ભાગ અને પાર્સલ ધરાવતી, જે કમ્પ્યુટરાઈઝ્ડ મહેસૂલી રેકોર્ડ મુજબ બ્લોક નંબરઃ ૨૨૩૦ (પાર્કિંગ પ્લાન મુજબ પ્લોટ નંબરઃ ૪૪) તરીકે ઓળખાય છે, જે ૭/૧૨ના ઉતારા મુજબ ૪૦.૮૮ ચોરસ મીટર ક્ષેત્રફળ ધરાવે છે. આ મિલકત "ગોકુલધામ શિવ પેલેસ-૨" માં આવેલી છે, જેનો રેવન્યુ સર્વે નંબર ૨૩૬ + ૨૫૦, બ્લોક નંબર ૧૮૦ પૈકી પેટા પ્લોટ નંબર ૩, મોજે ગામઃ નવી પારડી, તાલુકોઃ કામરેજ, જિલ્લોઃ સુરત, ગુજરાત - ૩૯૪૫૦ છે, જેની સીમાઓ નીચે મુજબ છેઃ પૂર્વ - જૂનો બ્લોક નં. 156, પશ્ચિમ- સોસાયટી રોડ, ઉત્તરઃ પ્લોટ નં. ૪૩, દક્ષિણઃ પ્લોટ નં. ૪૫.

તારીખઃ 18-01- 2026 **એસડી/- અધિકૃત અધિકારી**
સ્થળઃ ગુજરાત **આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમિટેડ**
લોન અકાઉન્ટ નં.: 119800937 **(અગાઉની કેપિટલ ફર્સ્ટ લિમિટેડ અને આઈડીએફસી બેન્ક લિમિટેડ સાથે ભેળવવામાં આવેલી)**

બૅંક ઑફ ઇંડિયા Bank of India BOI
એસેટ રીકવરી શાખા સુરત : બૅંક ઓફ ઈન્ડિયા બિલ્ડીંગ, પમ્પ માળ, સુરત મેઈન શાખા, કણપીઠ લાલગેટ, સુરત ગુજરાત –૩૯૫૦૦૩.
મો નં. ૯૯૨૪૮૬૯૭૬૮

સરફેસી એક્ટ, ૨૦૦૨ હેઠળ મિલકતોની સ્ટાર મેગા ઈ–હરાજી વેચાણ નોટીસ

સિકયુરીટાઈઝેશન અને રિકન્સ્ટ્રકશન ઓફ ફાયનાન્સીયલ એસેટસ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિકયુરીટી ઈન્ટરેસ્ટ એકટ ૨૦૦૨ ના રૂલ ૮(૬)/૯(૧)/૬(૨) સાથે વંચાણે લઈ સિકયુરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ ૨૦૦૨ હેઠળ જાહેર જનતા અને અહીં જામીનદાર(રો) ને નોટીસ આપી જણાવવામાં આવે છે કે નીચે દર્શાવેલ સ્થાયી/અસ્થાયી મિલકત(તો) કે જે સિકયોર્ડ કેડીટર્સને ગીરવે/ચાર્જ કરેલ કે જેનો પ્રત્યક્ષ કબજો બેંક ઓફ ઈન્ડિયા, સિકયોર્ડ કેડીટર્સ દ્વારા મેળવવામાં આવેલ છે. જેનું 'જ્યાં છે, જે કંઈ છે અને જેવું છે તેવું' ના ધોરણે બેંક ઓફ ઈન્ડિયા, સિકયોર્ડ કેડીટર્સ દ્વારા જે તે દેવાદાર અને જામીનદારોના બાકી રકમ માટે ઈ–હરાજીથી વેચાણ કરવામાં આવશે. અનામત કિંમત અને ઈએમડીની રકમ નીચે મુજબ રહેશે. નીચે સહી કરનાર દ્વારા નીચે જણાવેલ ઈ–હરાજી પ્લેટફોર્મથી વેચાણકરવામાં આવશે.

અ. નં.	દેવાદાર / જામીનદાર / માલિક / ભાગીદાર / મિલકતના ગીરવેદાર નું નામ	વેચાણ માટેની મિલકતનું વર્ણન કબજાનો પ્રકાર સાંકેતિક /પ્રત્યક્ષ રચનાત્મક	સરફેસી નોટીસ મુજબ બેંક લેણાંની વિગતો	હરાજીની તારીખ અને સમય	ન્યૂનતમ અનામત કિંમત (રૂા.) ઈએમડી ૧૦% અનામત કિંમત (રૂા. પુરા)
૧.	**મેસર્સ એનિગ્મા બ્લુઝ ઓવરસીઝ શ્રી સંજયભાઈ આર જુનેજા શ્રીમતી સ્વીટી એસ. જુનેજા શ્રીમતી ચંદ્રકલા સી શિંદોર શ્રી રાજેશ ચંદ્રાવટ શિંદોર શ્રીમતી મનીષા કે પૂજારી શ્રીમતી સીમા સચીન સુબંધા**	રંગીલા પાર્ક ટાવર નં. ૪ (કિંગ ટાવર) ચોથાં માળનો ફલેટ નં. ૪/બી(૪૦૨) જે સીટી સર્વે નં. ૨૩૮ અને ૨૩૮ટ, ટી.પી. સ્કીમ નં. ૦૫, ફાઈનલ પ્લોટ નં. ૩૦૦ પૈકી, જોલી આર્કેડની સામે ઘોડદોડ રોડ, અઠવા, જી. સુરત. ૩૯૫૦૦૩. સુપર બીલ્ટઅપ એરીયા માપ ૧૯૦૦.૦૦ ચો. ફુટ (માલિક સ્વીટી સંજય જુંનેજા છે.) **પ્રત્યક્ષ કબજો**	**તા. ૨૭.૦૭.૨૦૧૭ના કલમ ૧૩(૨) હેઠળની સુચના મુજબ રૂા. ૪,૮૯,૦૦,૦૦૦.૦૦/– (અંકે રૂા.ચાર કરોડ નેવ્યાંસી લાખ પુરા)** વત્તા વધારાનું વ્યાજ અને કોસ્ટ આકસ્મિક ખર્ચાઓ વિગેરે	**તા. ૧૦.૦૨.૨૦૨૬ સવારે ૧૧ થી સાંજે ૫ સુધી** (ઓટો એક્સટેન્શન નિયમ પ્રમાણે હરાજી બંધ થવા પહેલા ૧૦ મિનીટના વધારા સાથે)	રૂા. ૩૮,૭૩,૦૦૦/– રૂા. ૩,૮૭,૩૦૦/–
૨.	**મેસર્સ રામસુન પોલીમર્સ, શ્રી પરેશભાઈ સામજીભાઈ ચોવટીયા**	**સ્થાયી મિલકત** કે જે પીપોદરા ખાતે આવલે રાજલક્ષ્મી ઈન્ડસ્